કરતાં કાર્ય જગે સેવાનાં જો કદી થાકી જવાય, કાયા થાકે મન નવ થાકે, જીવતર ઉજળું એવું મનનું બળ તું આપ

**રાજ્યમાં વધુ ૩૪૦ નવા કેસ : અમદાવાદમાં ૨૬૧ : ગાંધીનગરમાં ૧૧**

ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આ વેકેશન નથી મેડીકલ ઈમરજન્સી છે

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૬૬ | ૧૬ મે, ૨૦૨૦, શનિવાર; વૈશાખ વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કૃષિ ક્ષેત્ર માટે એક લાખ કરોડની રાહત

**કિસાન ક્રેડિટ કાર્ડ માટે રૂ. ૨ લાખ કરોડ : ૮ જાહેરાતો કૃષિ સેકટર સાથે જોડાયેલા માળખાગત ઢાંચા પર કરાશે : ખેડૂતોને વધુ સારા ભાવો મળે તે માટે એસેન્શિઅલ કોમોડિટી એક્ટ સુધારાશે, ફૂડ એન્ટરપ્રાઇઝ માઇક્રો સાઇઝ માટે ૧૦ હજાર કરોડ આપશે સરકાર : ઔષધિય છોડની ખેતીને પ્રોત્સાહિત કરવા ૪૦૦૦ કરોડની યોજના : નાણામંત્રી**



નવી દિલ્હી, તા. ૧૫ નાણાં પ્રધાન નિર્મલા સીતારામન આત્મનિર્ભર ભારત અભિયાનના ભાગ રૂપે શુક્રવારે પત્રકાર પરિષદમાં આર્થિક પેકેજના ત્રીજા હપતા વિશે માહિતી આપી હતી. નાણાં પ્રધાન નિર્મલા સીતારામણે કૃષિ ક્ષેત્રને મજબુત બનાવવા માટે ૧ લાખ કરોડની સહાયની જાહેરાત કરી છે. નાણાં પ્રધાને કહ્યું કે સરકાર ખેડૂતોની આવક બમણી કરવામાં વ્યસ્ત છે. નાણાં પ્રધાન નિર્મલા સીતારામણે કૃષિ ક્ષેત્રને મજબુત બનાવવા માટે ૧ લાખ કરોડની સહાયની જાહેરાત કરી છે. નાણાં પ્રધાને કહ્યું કે સરકાર ખેડૂતોની આવક બમણી કરવામાં વ્યસ્ત છે. ખેડુતો સાથે સંગ્રહની અછત અને મૂલ્યવર્ધન તકોના અભાવને પહોંચી વળવા રૂ. ૧ લાખ કરોડનું કૃષિ માળખાગત તૈયાર કરવામાં આવશે. કોલ્ડ ચેઈનથી લણણી પછીની સુવિધાઓ વિકસાવવામાં આવશે. નાણાં પ્રધાને કહ્યું કે, "માઈક્રો ફૂડ યુનિટ્સ માટે ૧૦ હજાર કરોડની જોગવાઈ કરવામાં આવી છે. પીએમ-કિસાન યોજના અંતર્ગત ખેડુતોને રૂ. ૧૮,૭૦૦ કરોડ ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. પીએમ ફઝલ બીમા યોજના હેઠળ રૂ. ૨૦ હજાર કરોડ રૂપિયા માછીમારી માટે બનાવવામાં આવ્યા છે દરેક રાજ્યના સ્થાનિક ઉત્પાદનોને વૈશ્વિક બનાવવા માટે મદદ કરવામાં આવશે મત્સ્યઉદ્યોગ સંપત્તિ યોજના હેઠળ ૫૫ લાખ ઉદ્યોગોને નોકરી મળે છે. રૂ. ૧ લાખ કરોડની નિકાસમાં વધારો. આ માછલીની ખેતીમાં મોટી સંખ્યામાં ખેડૂતોને ફાયદો થશે. વીમો થશે. નાણાં પ્રધાને જણાવ્યું હતું કે લોકડાઉન

● અનુસંધાન પાન-૭ પર

## કઈ કઈ મોટી જાહેરાત...

- ખેડુતો, ડેરી, ફૂડ પ્રોસેસિંગ, માછીમારી અને ખેતી માટે આજે પેકેજની જાહેરાત કરવામાં આવી છે.
- નાના, મધ્યમ ખેડૂત ૮૫ ટકા વાવેતર ધરાવે છે.
- પૂર અને દુષ્કાળ વચ્ચે ખેડુતો શ્રેષ્ઠ કામગીરી કરે છે
- દેશમાં દૂધ, જૂટ અને કઠોળનું સૌથી વધુ ઉત્પાદન થાય છે
- દરરોજ ૫૬૦ લાખ લિટર દૂધ ખેડૂતો પાસેથી ખરીદવામાં આવે છે.
- દૂધ ઉત્પાદકોને ૫ હજાર કરોડ રૂપિયાની વધારાની ચુકવણી કરવામાં આવી હતી.
- ક્રેડિટ કાર્ડથી ખેડુતોને મોટો ફાયદો થઈ રહ્યો છે.
- બે મહિનામાં ખેડુતોને રૂ. ૧૮૭૦૦ કરોડ આપવામાં આવ્યા છે.
- ખેડૂતો પાસેથી ૩૦૦૩૦૦ કરોડના પાકની ખરીદી કરવામાં આવી છે.
- કૃષિ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવા માટે એક લાખ કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે.
- આનાથી કૃષિ પેદાશોને દેશની બહાર મોકલવામાં મદદ મળશે.
- સહકારી અને કૃષિ પ્રારંભ, કોલ્ડચેનને જંક્રહક્ષ્ભા રહેવામાં મદદ કરવામાં આવશે

● અનુસંધાન પાન-૭ પર

# વિશ્વબેંક દ્વારા ભારતને ૧.૫ અબજ ડૉલરનું પેકેજ

વૉશિંગ્ટન,તા.૧૫ કોરોના સંકટની વચ્ચે ભારતને વર્લ્ડ બેંકે મોટી રાહત આપી છે. સરકારના કાર્યક્રમો માટે વર્લ્ડ બેંકે એક અબજ ડોલરના પેકેજની જાહેરાત કરી છે. આ પેકેજ સામાજિક સુરક્ષા પેકેજ હશે. આની પહેલાં કોરોના સામે જંગ માટે ભારતને બ્રિક્સ દેશોની ન્યૂ ડેવલપમેન્ટ બેંકએ એક અબજ ડોલરની ઈમરજન્સી સહાયતા ફંડ આપવાની જાહેરાત કરી હતી.

વિશ્વ બેંકના એક અબજ ડોલર (અંદાજે ૭૬૦૦ કરોડ) સામાજિક સુરક્ષા પેકેજનો ઉપયોગ દેશમાં કોરોનાના દર્દીઓની શ્રેષ્ઠ તપાસ, કોવિડ-૧૯ હોસ્પિટલ અને લેબ બનાવામાં કરી શકાય છે. વર્લ્ડ બેંકે પહેલાં જ ૨૫ વિકાસશીલ દેશોને પેકેજ આપવાનો પ્રસ્તાવ મૂકયો હતો.

આની પહેલાં ન્યૂ ડેવલપમેન્ટ બેંકે ભારતને એક અબજ ડોલરની ઈમરજન્સી સહાયતા રકમ આપવાની જાહેરાત કરી હતી. તેનું કહેવું હતું કે આ લોન એટલા માટે આપવામાં આવી રહી છે જેથી કરીને ભારતને કોવિડ-૧૯નો પ્રસાર રોકવામાં મદદ મળે અને કોરોના વાયરસ મહામારીથી થનાર માનવીય, સામાજિક અને આર્થિક નુકસાનને ઓછું કરી શકાય.

● અનુસંધાન પાન-૭ પર

## છેલ્લે... છેલ્લે...

- મહારાષ્ટ્ર, તેલંગણા બાદ મિઝોરમે પણ લોકડાઉન ૩૧મી મે સુધી લંબાવ્યું.
- સુપ્રીમ કોર્ટ ઉનાળુ વેકેશન દરમિયાન પણ એટલે કે ૧૮ મેથી ૧૯ જૂન સુધી સુનાવણી ચાલુ રાખશે.
- હવે કેરળમાં ચોમાસુ ૫મી જૂનથી આરંભાશે એમ હવામાન વિભાગ જણાવે છે.
- અરૂણાચલ પ્રદેશ સોમવારથી રાજ્યમાં બસ શરૂ કરશે.
- આંધપ્રદેશમાં આજે વધુ ૭ પ્રવાસી શ્રમિકોના અકસ્માતમાં મોત નિપજ્યા હતા.
- લોકડાઉન પછી ક્રૂ મેમ્બર્સ ફ્લાઈટ્સમાં પીપીઈ કીટ અને માસ્ક પહેરશે.
- ગીર સોમનાથના સુત્રાપાડા ખાતે એક જ કોમના બે જુથો વચ્ચે ધિંગાણું થતાં લોકડાઉનના ધજાગરા ઉડ્યા હતા.
- દેશમાં સૌથી વધુ કોરોના સંક્રમિત રાજ્યો.

| | |
|---|---|
| મહારાષ્ટ્ર | ૨૯૧૦૦ |
| તામીલનાડુ | ૧૦૧૦૮ |
| ગુજરાત | ૯૯૩૨ |
| દિલ્હી | ૮૮૯૫ |
| રાજસ્થાન | ૪૬૮૮ |
| મધ્યપ્રદેશ | ૪૫૯૫ |

# વિશ્વમાં મૃત્યુઆંક ૩ લાખને પાર

**વિશ્વમાં કેસની સંખ્યા ૪૫૪૬૦૭૦ પર પહોંચી : મોતનો આંકડો ૩૦૩૮૬૩ પર પહોંચ્યો**

નવી દિલ્હી,તા.૧૫ અમેરિકાની સ્થિતિ ખુબ જ ગંભીર બનેલી છે. સમગ્ર દુનિયા



કોરોના વાયરસના પ્રકોપથી ત્રાહિમામ પોકારી ગઈ છે. વિશ્વ ૨૧૦ દેશોમાં કોરોના વાયરસનો કહેર યથાવતરીતે જારી રહ્યો છે. સુપર પાવર અમેરિકા અને સ્પેન તેમજ ઈટાલી જેવા દેશો કોરોનાની સામે જંગ હારતા દેખાઈ રહ્યા છે. અમેરિકા અને સ્પેન સહિતના દેશોમાં કેસોની સંખ્યા સૌથી વધારે છે. કોરોના કારણે અર્થતંત્ર પર પણ ભારે નુકસાન થઈ રહ્યું છે. આંકડો હવે ૪૫૪૬૦૭૦ સુધી પહોંચી ગઈ છે એટલે કે આંકડો હવે ૪૫ લાખથી પણ ઉપર થઈ ગયો છે. દુનિયાભરમાં રિકવર થયેલા લોકોની સંખ્યા ૧૭૧૬૧૧૫ સુધી પહોંચી ગઈ છે જ્યારે એક્ટિવ કેસોની સંખ્યા પણ વધીને ૨૫૨૬૦૯૨ પર પહોંચી ચુકી છે. દુનિયામાં મોતનો આંકડો પણ સતત વધી રહ્યો છે આંકડો વધીને ૩૦૩૮૬૩ ઉપર પહોંચી રહ્યો છે. ગંભીર રહેલા દર્દીઓની સંખ્યા ૪૫૫૧૨ પર પહોંચી ચુકી છે. લોકડાઉનના નિયમોને વધારે કઠોર કરવામાં આવી રહ્યા છે. ચીનમાં પણ કેટલાક નવા કેસો સપાટી પર આવ્યા છે. ભારતમાં પણ કેસોની સંખ્યામાં હવે ઝડપથી વધારો થઈ રહ્યો છે. સાથે સાથે ગંભીર રહેલા દર્દીઓની સંખ્યા ૪૫૯૩૬ રહેલી છે જે ગંભીર સ્થિતીનો સંકેત આપે છે. દુનિયાના તમામ દેશોના અર્થતંત્ર ભાંગી પડવાના આરે પહોંચી ગયા છે. અમેરિકન અર્થતંત્રને પણ નુકસાન થયુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# પગાર આપવામાં અસમર્થ કંપનીઓ પર નહિ થાય કાર્યવાહી : સુપ્રીમ કોર્ટ

**સંપૂર્ણ પગાર આપવાના ગૃહ મંત્રાલયના આદેશ ઉપર સુપ્રીમ કોર્ટનો સ્ટે : કોઇપણ કંપની પર કેસ ન થવો જોઇએ : સુપ્રીમ : કેન્દ્રથી જવાબ માંગ્યો**

નવી દિલ્હી, તા. ૧૫ સુપ્રીમ કોર્ટે લોકડાઉનમાં સંપૂર્ણ પગાર ચૂકવી ન શકતી કંપનીઓ સામે કાર્યવાહી ન કરવા આદેશ આપ્યો છે. દેશની સુપ્રીમ કોર્ટે શુક્રવારે દેશભરના વહીવટને આદેશ આપ્યો છે કે કોવિડ -૧૯ ને કારણે દેશવ્યાપી બંધ દરમિયાન કામદારોને સંપૂર્ણ મહેનતાણું ચૂકવવામાં અસમર્થ એવા માલિકો સામે કાર્યવાહી ન કરવા. બધી ટિપ્પણીઓ જુઓ તમારી ટિપ્પણી લખો નાગેશ્વર રાવ, સંજય કિશન કૌલ અને બી.આર. ગવાઈની ખંડપીઠે કેન્દ્ર અને રાજયોને વેતનની ચુકવણી નહીં કરવા બદલ ખાનગી કંપનીઓ, ફેક્ટરીઓ વગેરે સામે કાર્યવાહી ન કરવા જણાવ્યું હતું. સર્વોચ્ચ અદાલતે ઔદ્યોગિક એકમો દ્વારા

● અનુસંધાન પાન-૭ પર

## મહારાષ્ટ્રમાં હોટસ્પોટ વિસ્તારોમાં ૩૧ મે સુધી લોકડાઉન લંબાવાયું

મુંબઈ,તા.૧૫ મહારાષ્ટ્રમાં સતત વધતા કેસ વચ્ચે લોકડાઉન લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યમાં મુંબઈ સહિત હોટસ્પોટ વિસ્તારમાં ૩૧ મે સુધી લોકડાઉન લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. લોકડાઉન લંબાવવામાં આવ્યું છે તેમાં મુંબઈ મેટ્રોપોલિટન રીજન, પુણે, સોલાપુર, ઓરંગાબાદ અને માલેગાવનો સમાવેશ થાય છે.

# લોકડાઉનમાં છુટછાટ કારણે કોમ્યુનિટી ટ્રાન્સમિશનનો ખતરો

**લોકડાઉન ખુલવાથી લોકોની હિલચાલ વધશે : વાયરસના વ્યાપક પ્રમાણમાં ફેલાવાની શક્યતા પણ વધશે : નિષ્ણાત**



નવી દિલ્હી, તા. ૧૫ દેશમાં કોરોના ચેપના કેસો વધી રહ્યા છે પરંતુ તેના સમુદાય સંક્રમણને લગતી પરિસ્થિતિ સ્પષ્ટ નથી. પરંતુ એક પ્રખ્યાત આરોગ્ય નિષ્ણાંતે આજે કહ્યું હતું કે ભારત સમુદાય સ્તરે કોવિડ - ૧૯ ફેલાવાના જોખમનો સામનો કરવા તૈયાર રહેવું જોઈએ. તેમણે ચેતવણી આપી કે લોકડાઉનમાં રાહતને કારણે કોરોના વાયરસ મોટા પાયે ફેલાય છે. કેટલાક નિષ્ણાતો કહે છે કે દેશમાં કોરોનાનું સમુદાય ટ્રાન્સમિશન (ત્રીજો તબક્કો) પ્રારંભ થઈ ચૂક્યો છે. પરંતુ ભારતના પબ્લિક હેલ્થ ફાઉન્ડેશનના અધ્યક્ષ પ્રોફેસર કે શ્રીનાથ રેડ્ડીએ કહ્યું કે તે વ્યાખ્યા પર આધારિત છે. તેમણે કહ્યું કે જો આપણે એવા લોકોમાં વ્યાપ જોયે કે જેમણે ક્યાંય મુસાફરી કરી નથી અથવા ચેપગ્રસ્ત વ્યક્તિના સંપર્કમાં આવ્યા નથી, તો આવા ચોક્કસ ઘણા કિસ્સાઓ છે. તેમણે કહ્યું, "પરંતુ મોટાભાગના કિસ્સા વિદેશી મુસાફરોના પ્રવેશનાં મૂળ કારણની આસપાસ ફરવા અથવા જાણકાર લોકો સાથે સંબંધિત છે. તેથી જેઓ હજી પણ તેને બીજો તબક્કો કહે છે તેઓ કહે છે કે તે શોધી શકાય તેવું સ્થાનિક ફેલાવો છે અને કોઈ સમુદાય ફેલાતો નથી જેની આગાહી કરી શકાતી નથી. "તેમણે કહ્યું કે તેથી જ આપણે સમુદાય પ્રસારણ શબ્દનો ઉપયોગ કરીએ છીએ બચી રહ્યા છે. તે વ્યાખ્યાઓ અને ભાષાની બાબત છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના જણાવ્યા મુજબ, દેશમાં કોરોના ચેપની સંખ્યા ૮૧૯૭૦ પર પહોંચી ગઈ છે. તેમાંથી ૨૭૯૨૦ લોકો ચેપમાંથી સાજા થયા છે જ્યારે ૨૬૪૯ લોકોનાં મોત નીપજ્યાં છે. ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ મેડિકલ સાયન્સિસ (એઈમ્સ)ના કાર્ડિયોવાસ્ક્યુલર ડિસીઝિસ વિભાગના વડા, રેડ્ડીએ કહ્યું હતું કે એ માનવું પણ

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૪૫૮૧૫૧૯ | ૩૦૫૬૭૨ | ૧૭૦૮૯૧૨ |
| ભારત | ૮૫૫૪૬ | ૨૭૪૬ | ૩૦૦૮૯ |
| ગુજરાત | ૯૯૩૨ | ૬૦૬ | ૪૦૩૫ |
| ગાંધીનગર | ૧૫૭ | ૦૬ | ૬૨ |

# દેશમાં ૨૪ કલાકમાં નવા ૩૯૬૭ કેસ

**કુલ સંક્રમિતોનો આંકડો ૮૨૦૦૦ની નજીક : ૧૦૦ના મોત : મૃત્યુઆંક ૨૬૪૯એ પહોંચ્યો**

**દેશમાં રિકવરી રેટ વધ્યો : ૧૭ રાજ્યમાંથી ૫૦થી ૧૦૦ ટકા દર્દીઓ થઈ રહ્યાં છે સ્વસ્થ**

ન્યુ દિલ્હી,તા.૧૫ દેશમાં કોરોના વાયરસના મામલામાં ઝડપથી વધારો નોંધાઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન દેશમાં કોરોનાના નવા ૩૯૬૭થી વધુ કેસ નોંધાયા છે. આ સાથે જ દેશમાં કોરોના વાયરસથી સંક્રમીત લોકોનો આંકડો વધીને ૮૧૯૭૦ સુધી પહોંચી ગયો છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના સંક્રમણને કારણે ૧૦૦ લોકો મોતને ભેટ્યા છે. જ્યારે અત્યાર સુધી કુલ ૨,૬૪૯ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. જ્યારે ૧૬૮૫ લોકો કોરોના સંક્રમણને મહાત આપીને સ્વસ્થ થવામાં સફળ રહ્યા છે. ૮૧૯૭૦ કોરોના વાયરસના તમામ કેસ સાથે ભારત દુનિયામાં સૌથી વધારે કોરોના વાયરસના કેસ ધરાવતા દેશોમાં ચીનની નજીક પહોંચી રહ્યો છે. ચીન તરફથી જાહેર કરેલા આંકડા પ્રમાણે ત્યાં ૮૨૯૨૯ કેસ નોંધાઈ ચૂક્યા છે અને ૪૬૩૩ લોકોના મોત નિપજી ચૂક્યા છે. જોકે, ચીનમાં અત્યાર સુધીમાં ૭૮૦૦૦થી વધુ લોકો સ્વસ્થ્ય થઈ ચૂક્યા છે. હવે ચીનમાં ફક્ત ૧૦૧ જ એક્ટિવ કેસ છે. જ્યારે ભારત કોરોના વાયરસના એક્ટિવ કેસની સંખ્યા ૪૯૨૧૯ સુધી પહોંચી ગઈ છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે અત્યાર સુધીમાં દેશમાં કુલ ૮૧૯૭૦ કોરોના વાયરસના કેસ નોંધાયા છે જેમાંથી ૨૭૯૨૦ લોકો એવા છે કે જેઓ સંપૂર્ણ રીતે સ્વસ્થ્ય થઈ ચૂક્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૦૦ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે.